# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

P G V C L

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ જી કે જનરલ હોસ્પિટલ સામે ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૪/ ૩૫ તારીખ: ૨/૩/૨૫

રજી.એ.ડી. દ્વારા

પ્રતિ

ચેતન કાંનજી નિસર
C/o યુરો સિરામિક્સ લી.
૯૧, પાર્થ સીટી
પોલીસ ચોકી સામે
ભચાઉ
મોબાઇલ નંબર ૭૫૬૭૧૨૬૬૩૨

વિષય:- વિંનંતી થી અનુસાર વીજ જોડાણો સમયસર ન કપાતા ખોટી રીતે થયેલ બીલીંગ રદ કરવા બાબત
સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી/૦૪/૦૦૪/૨૦૨૩-૨૪

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભચાઉ
પાવર હાઉસ કમ્પાંઉન્ડ
રેલ્વે સ્ટેશનની બાજુમાં ભચાઉ- કચ્છ

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગાહ્ક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો. જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યેવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોકલી આપવા વિનતી

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, ભચાઉ

પાવરહાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોનનંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email- forumbhuj.pgvcl@gebmail.com.
કેસી/સીજીઆરએફ/૨૦૨૪ તા. / /૨૦૨૪

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-004-004-2023-24

ચેતન કાનજી નીસર
ગામ: ભચાઉ,તા ભચાઉ -કચ્છ...............અરજદાર.

વિરુધ્ધ

શ્રી એ સી ઠક્કર કાર્યપાલકઈજનેરશ્રી,
પીજીવીસીએલ વિભાગીય કચેરી, ભચાઉ -કચ્છ...........સામાવાળા.

બાબત:- વીજ જોડાણ સમયસર ન કપાતા ખોટી રીતે થયેલ બીલીગને કારણે એરિયર્સ. રકમ રદ કરવા અંગે...

અરજદારતરફે:- ચેતન કાનજી નીસર (પોતે)
સામેવાળાનાતરફે:- શ્રી એ સી ઠક્કર કાર્યપાલક ઈજનેરશ્રી ભચાઉ પીજીવીસીએલ વિભાગીય કચેરી
કોરમ:
(૧) એન.સી.મકવાણા - ચેરપર્સન
(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર
સુનાવણીસ્થળ:-પીજીવીસીએલ વર્તુળકચેરી, ભુજ
તા.: ૨૩/૦૨/૨૦૨૪

# ઠરાવ

૧. અરજદારશ્રી ની રજૂઆત એવી છે કે તેઓ ગામ ભચાઉ મધ્યે વીજ જોડાણ ધરાવે છે અને તેઓને નવા વીજ જોડાણની જરૂરીયાત હોતા તેઓએ પીજીવીસીએલ ની ભચાઉ પેટા વિભાગીય કચેરીને અરજી કરેલ જેના અનુસંધાને તેઓના નામે એરિયર્સની રકમ બાકી હોતા રકમ ભર્યા બાદ નવું કનેશન મળશે તેવું જણાવવામાં આવેલ છે.

૨. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર તેઓના નામે એરિયર્સની બાકી રકમ બાબતે તપાસ કરતાં પીજીવીસીએલ ની ભચાઉ પેટા વિભાગીય કચેરી ખાતે આવેલ ગોકુલધામ કોલોનીમાં યુરો સીરામીક્સ લી.ના સ્ટાફ ક્વાર્ટર્સ માટે ૨૮૪ વીજ જોડાણ મેળવવા અરજી કરેલ પરંતુ તે વખતે અરજદારશ્રી યુરો સિરામિક્સ લી. કંપનીમાં વહીવટ અધિકારી તરીકે કામ કરતાં હોઈ અરજી ફોર્મમાં તેઓની સહી હતી અને સંપર્ક માટે તેઓનું નામ લખાયેલ હતું. આમ,તે કનેશન માત્ર તેમના નામના જ હોઈ તેઓની માલિકીના નહી પરંતુ યુરો સિરામિક્સ લી.ના હતા તેમજ ત્યારબાદ તેઓને સદર કંપની માંથી તા.૩૧/૦૫/૨૦૦૮ના છુટા કરવામાં આવેલ હતા.

૩. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૧૮માં યુરો સીરામીક્સ લી કમ્પની બંધ થતાં કંપની દ્વારા તા.૧૦/૧૦/૨૦૧૮ના અરજી કરી તમામ ૨૮૪ કનેક્શન કાયમી ધરણે રદ કરીને તે પેટે ભરવાપાત્ર થતી લેણી રકમ ચેક દ્વારા ચુકવણું પીજીવીસીએલ ની ભચાઉ પેટા વિભાગીય કચેરીને કરવામાં આવ્યુ હતું.

૪. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર સદર બાબતે પીજીવીસીએલની ભચાઉ પેટા વિભાગીય કચેરી દ્વારા લાંબા સમય સુધી ઉપરોક્ત અરજી સબબ કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નહતી. ત્યારબાદ તા.૦૩/૦૮/૨૦૨૧ના રોજ સદર કચેરી દ્વારા કાર્યવાહી કરી બધા વીજ જોડાણ કાપેલ, જેને કારણે નવેમ્બર-૧૮ થી ઓગસ્ટ-૨૧ સુધીના સમયનું ખોટી રીતે બીલીંગ કરવમાં આવેલ અને તે રકમ ટાઇમ બારની હોવા છતાં અરજદાર દ્વારા નવા વીજજોડાણ અન્વયે ભરપાઈ કરેલ અનામતની રકમ ૭૫,૦૦૦/- દબાણપૂર્વક બાકી લેણા પેટે એડજેસ્ટ કરી નાખવામાં આવેલ.

૫. આમ, ગોકુલધામ કોલોનીના ૨૮૪ વીજ જોડાણ યુરો સિરામિક્સ લી.ની માલિકીના છે તેઓની માલિકીની ન હોઈ ખોટી રીતે બીલીંગ કરવમાં આવેલ અને તેઓના નામે બાકી રહેતી એરિયર્સની રકમ તેઓ પાસેથી નવા વીજજોડાણ અન્વયે ભરપાઈ કરેલ અનામતની રકમના રૂ. ૭૫,૦૦૦/- દબાણપૂર્વક બાકી લેણા પેટે એડજેસ્ટ કરી નાખવામાં આવેલ તે રકમ પરત કરવા તેમજ તેમની માંગણી મુજબનું નવું ઔદ્યોગિક વીજજોડાણ તાત્કાલીક રીલીઝ કરવા યોગ્ય ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

૬ વધુમા તારીખ ૨૩.૦૨.૨૦૨૪ ની ફોરમ ની મીટીંગ સદરહુ અરજદાર દ્વાર વધુ માં રજુઆત નીચે મુજબ થયેલ છે.

(૧) માસ ડીસેમ્બર ૨૦૧૮ સુધીની કુલ્લ બાકી રકમ રુ ૧,૦૩,૫૭૦/

(૨) ત્યારબાદ જાન્યુઆરી ૨૦૧૯ થી ૨૦૨૩ સુધી રુ ૧૩૪૧૫૬/- નુ ખોટુ બીલીંગ થયેલ છે.

(૩) વીજ કંપની ના રેકર્ડ મુજબ માસ નવેમ્બર ૨૦૧૮ પછી થયેલ બીલીંગ ગલત છે.

(૪) ઉપરોકત અનુ નંબર ૧ અને ૨ માં દર્શાવેલ રકમ ટાઇમ બાર છે

બીજી તરફ પીજીવીસીએલની રજૂઆત નીચે મુજબ છે.

૭. પીજીવીસીએલ ની ભચાઉ પેટા વિભાગીય કચેરી ખાતે આવેલ ગોકુલધામ કોલોનીમાં શ્રી ચેતન કાનજી નિશર ના નામે ૨૦૦૭-૨૦૦૮ના સમયગાળા વચ્ચે વીજજોડાણ આપવામાં આવેલ જે ૧૦ થી ૧૧ વર્ષ સુધી ચાલુ રહેલ. સદર વીજજોડાણ રદ કરવા માટે અરજદાર દ્વારા કોઈપણ અરજી કરવામાં આવેલ ન હતી.પરંતુ તેઓ દ્વારા રજુ કરવામાં આવેલ તા.૧૦/૧૦/૨૦૧૮ની અરજી કે જે યુરો સીરામીક્સ લી. દ્વારા કરવામાં આવેલ હતી, પરંતુ તે અંગે આગળની કાર્યવાહી થયેલ હોય તેવી ગ્રાહક તેમજ કચેરી વચ્ચેના પત્ર વ્યવહારની કોઈપણ નકલો ઉપલબ્ધ ન હતી. ગ્રાહકની નવા કનેકશનની અરજી અન્વયે સપ્ટેમ્બર ૨૦૨૩માં કચેરીનો સંપર્ક કરતાં ત્યારે તેઓના નામે બાકી લેણા અંગે તેઓનું ધ્યાન દોરવામાં આવેલ.

૮. ગ્રાહકશ્રીને નવા કનેકશનની તાત્કાલિક જરૂર હોઈ તેઓએ ઘટતું કરવા વિનંતી કરેલ જેના અનુસંધાને અત્રેની કચેરી તેમજ વડી કચેરી દ્વારા ગ્રાહકલક્ષી અભિગમ રાખી તેઓની અરજી મુજબ ૧૦/૧૦/૨૦૧૮ સુધીના જ બાકી રહેતા લેણા વસુલ કરવામાં આવેલ છે, નવેમ્બર -૨૦૧૮ થી ઓગસ્ટ -૨૦૨૩ સુધીના કોઈપણ નાણાં વસુલવામાં આવેલ નથી. સદર ગ્રાહકની ફરિયાદ એવી છે કે તા.૨૮/૧૦/૨૦૨૩ના રોજ ભરપાઈ કરવામાં આવેલ રકમ દબાણપૂર્વક ભરાવવામાં આવેલ છે અને તે રકમ પરત મેળવવા માટેની ગ્રાહક ની માંગણી સત્યથી વેગળી છે.

૯. અનામતની રકમ પરત મેળવવા માટે કંપનીના નિયમ મુજબ તેઓ દ્વારા કોઈ અરજી કે દસ્તાવેજી પુરાવા ભચાઉ કચેરીએ આજદીન સુધી રજુ કરેલ નથી તેમ છતાં ગ્રાહક અભિગમ રાખી તેમના બાકી રહેતા નાણાંની સામે અનામતની રકમ જમા આપી તેમની પાસેથી બાકી રહેતા નાણાંની વસુલાત કરવામાં આવેલ છે.

૧૦. આમ, ગ્રાહકશ્રીને નવા કનેકશનની તાત્કાલિક જરૂર હોઈ અત્રેની કચેરી તેમજ વડી કચેરી દ્વારા ગ્રાહક અભિગમ રાખી તેઓની અરજી મુજબ ૧૦/૧૦/૨૦૧૮ સુધીના જ બાકી રહેતા લેણા વસુલ કરવામાં આવેલ છે નવેમ્બર -૨૦૧૮ થી ઓગસ્ટ -૨૦૨૩ સુધીના કોઈપણ નાણાં વસુલવામાં આવેલ નથી.

૧૧ વધુમા તારીખ ૨૩.૦૨.૨૦૨૪ ની ફોરમ ની મીટીંગ મા નીચે મુજબ સદરહુ ૨૮૪ કનેકશન ના બાકી રહેતા લેણાનુ નીચે મુજબ સ્ટેટમેન્ટ રજુ કરવામાં આવેલ છે

| Closing arrears as on Dec 2018 | DPC up to January 2019 to Oct 2023 | Total out standing with DPC |
|---|---|---|
| 107986.37 | 83869 | 191675.37 |
| | Party paid Amount | 83002 |
| | Net Out Standing | 108673.37 |

ફોરમ નુ તારણ

૧૨ બન્ને પક્ષકારો ની રજુઆત જોતા સદરહુ ફરિયાદ અરજદારે માંગણી કરેલ નવા કનેક્શન પીજીવીસીએલ દ્વારા સદરહુ અરજદાર ને નામે ગોકુલ ધામ કોલોની માં આવેલ ૨૮૪ વીજક્નેક્શન ના બાકી લેણા હોવાથી સદરહુ વીજ કનેકશન અટકાવવામાં આવેલ છે તે બાબત થી ઉપરોકત ફરિયાદ ઉદભવેલ છે.

૧૩ સદરહુ ૨૮૪ વિવાદીત વીજ કનેકશનો જેમની મેસર્સ યુરો સીરામીક કંપની લીમીટેડ દ્વારા તારીખ ૧૦/૧૦/૨૦૧૮ ની અરજી મુજબ ડીશક્નેક્શન કરી પીજીવીસીએલ ના લેજર માંથી સદરહુ વીજકનેક્શનો રદ કરવા ની વિનંતી છતા પીજીવીસીએલ દ્વારા સમયસર સદરહુ કાર્યવાહી ન થવાને કારણે તારીખ ૧૦/૧૦/૨૦૧૮ પછી જે ખોટુ એરીયર્સ ઉભુ થયેલ છે. જે હાલે રીકવરી ને પાત્ર નથી.

૧૪ GERC Security Deposit Related Notification 08/2005 section Number 4.14 જે નીચે મુજબ છે.

"The Licensee on termination of agreement by either party shall be refund security Deposit after adjustment of dues if any within 30 days" પરંતુ ઉપરોકત કેસમાં પાર્ટી દ્વારા તારીખ ૧૦/૧૦/૨૦૧૮ નો રોજ સદરહુ Agreement Termination કરવા માટેની અરજી કર્યા છતા આજદીન સુધી અરજદારના ખાતામાં સદરહુ અનામતની રકમ બાકી લેણા પેટે સરભર કે વધતી રકમ જો હોય તો તે રીફંડ આપવાની પીજીવીસીએલ દ્વારા કાર્યવાહી થયેલ નથી.જે બાબત યોગ્ય નથી.

૧૫ ઉપરોક્ત અરજદાર પાસેથી તારીખ ૨૩.૧૦.૨૦૨૩ ના રોજ રુ ૭૫૦૦૦/ ઉપરોકત કનેક્શનો પેટે ભરપાઇ કરાયા છતા તેમને તારીખ ૦૨.૧૧.૨૦૨૩ નો ભરપાઇ કરેલ નવા વીજ કનેકશન ના અંદાજપત્ર ની સામે કનેકશન અટકાવવાં માં આવેલ છે. જે યોગ્ય નથી

-: હુકમ:-

ઉપરોકત બન્ને પક્ષકારો ની રજુઆત જોતા અત્રેનુ ફોરમ નીચે મુજબ હુકમ કરેછે

(૧) અરજદારે માંગેલ નવુ કાયમી વીજ કનેક્શન આપવાની કાર્યવાહી તાત્કાલીક કરવી(૨) તારીખ ૧૦.૧૦.૨૦૧૮ પછી સદરહુ વિવાદીત ૨૮૪ વીજ કનેકશન ના કોઇપણ બીલ કે ૧૦.૧૦.૨૦૧૮ પછી ડીપીસી ની રકમ વસુલ કરવી નહી. (૩) સદરહુ કનેક્શન પેટે ભરેલ અનામત ની રકમ અને ભરપાઇ થયેલ રુ ૭૫૦૦૦- ની રકમ, ૧૦.૧૦.૨૦૧૮ સુધીના બાકી લેણા સામે સરભર કરી બાકી ની રકમ અરજદાર ને પરત આપવી ઉપરોક્ત કાર્યવાહી નો અહેવાલ દિવસ -૧૫ માં અત્રેની ફોરમ ને રજુ કરવુ

- ફરિયાદી ની અરજી મંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજ તા. ૨૩ /૦૨ /૨૦૨૪ ના રોજ જાહેર કર્યો

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- 30માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં.૦૨/૨૦૧૯ ની કલમ 3.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ 3.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું : જીલ્લા સેવા સદન -3ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -3૬0001, ફોન નં.0૨૮૧-૨૯૯૪૧૨૫